# અરવલ્લી જિલ્લામાં ઠંડી અને ગરમીની ડબલ ઋતુનો અહેસાસ

અરવલ્લી, તા. ૯

અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં વારંવાર ભારે ઉલટફેર જોવા મળી રહ્યો છે. સોમવારે અને મંગળવારે બે દિવસ ગાત્રો થીજવતી ઠંડી પડી રહી છે અને બપોરે ગરમી પડતા ડબલ સીઝનનો અનુભવ થઈ રહ્યો છે.

અરવલ્લી જિલ્લામાં સપ્તાહના પ્રથમ બે દિવસ વિખેરાતા ખેડૂતોના જીવમાં જીવ આવ્યો હતો. વાદળો વિખેરાતાંની સાથે વહેલી સવારે અને રાત્રીના સમયે ગાત્રો થીજાવતી ઠંડી પડતા પ્રજાજનો ઠંડીથી રક્ષણ મેળવવા



આકાશ વાદળોથી ઘેરાયેલા રહેતા તાપમાનમાં પણ ફેરફાર થયા હતા. દિવસનું તાપમાન ગટ્યુ હતું અને રાતનું તાપમાનમાં વધારો થયો હતો. ત્યાર બાદ વાદળો વિખેરાતા રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં પલટો આવતા આકાશે વાદળો ઘેરાતા અને કમોસમી માવઠું થવાની દહેશત પેદા થવાની સાથે સામાન્ય વરસાદી ફોરાં પણ પડતા ખેડૂતોના જીવ તાળવે બંધાયા હતા. જોકે વાદળો તાપણા અને ગરમ કપડાંનો સહારો લેવો પડી રહ્યો છે. બીજી બાજુ બપોરના સમયે ગરમીનીનું પ્રમાણ વધતા પંખા ચાલુ કરવા પડતા પ્રજાજનો ડબલ સિઝનનો અનુભવ કરી રહ્યા છે.

# પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શનને બહોળો પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૯

પ્લાસ્ટઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા આયોજીત જંગી ઈન્ટરનેશનલ એકઝીબીશન કોન્ફરન્સ અને સમારંભ પ્લાસ્ટઈન્ડિયા-૨૦૧૮નો પ્રારંભ થયો છે જેમાં બહેતર ડીઝાઈનીંગ ક્ષમતા, સંશોધન અને વિકાસની સુગમતા, મશીન ઈનોવેશન્સ, ઈન્ટેલિજન્ટ મેન્યુફેક્ચરીંગ, મૂડી રોકાણ અને નોલેજ શેરીંગ દ્વારા ગ્લોબલ કનેક્ટ હાંસલ કરવા પ્રયાસ હાથ ધરાશે.

સમારંભના મુખ્ય મહેમાન અને ગુજરાતના મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણી આ સમારંભમાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાતના મુખ્ય સચિવ ડો. જે.એન. સીંઘ, ઓપલના એમડી અવિનાશ જોષી, આઈઓસીએલના ઈન્ડ ડિરેક્ટર પરિન્દુ ભગત અને સાંદિપની વિદ્યાનિકેતનના સ્થાપક તથા આધ્યાત્મિક હિંદુ અગ્રણી પૂજય




ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ પ્લાસ્ટ ઈન્ડિયાના ઉદ્દઘાટન સમારંભમા હાજરી આપી હતી.

આ પ્રસંગે વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે "પ્લાસ્ટીક આપણાં રોજબરોજના જીવનમાં ખૂબ જ ઊંડાણ સુધી પહોંચ્યું છે. રાજ્યમાં રૂ.૧૪૦૦ કરોડનું મૂડી રોકાણ આ ક્ષેત્રે થયું છે. સાણંદમાં એક સમર્પીત પ્લાસ્ટીક પાર્ક આકાર લઈ રહ્યો છે. પ્લાસ્ટઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટીની સ્થાપના પણ થઈ રહી છે. પ્લાસ્ટ ઈન્ડિયા ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ કે. કે. સેકસરીયાએ જણાવ્યું હતું કે "પ્લાસ્ટઈન્ડિયા ફાઉન્ડેશન પ્લાસ્ટીક્સ ક્ષેત્રે ક્વોલિટી ઈનોવેશનને પ્રોત્સાહિત કરી રહ્યું છે અને રિસાયકલીંગના સમગ્રલક્ષી સોલ્યુશન્સ પર કામ કરી રહ્યું છે.

પ્લાસ્ટ ઈન્ડિયા ફાઉન્ડેશનની નેશનલ એડવાઈઝરી કાઉન્સિલના ચેરમેન એમ. પી. તાપરીયાએ જણાવ્યું હતું કે "પેકેજીંગ, ઈલેક્ટ્રોનિક્સ, કૃષિ, ઓટોમોટિવ અને હેલ્થકેર સેક્ટરમાં ઉંચી વૃધ્ધિ જોવા મળશે. નાણાંકિય વર્ષ ૨૦૨૮ સુધીમાં પોલિમર્સનો સ્થાનિક વપરાશ ૧૪ મિલિયન ટનથી વધીને ૩૦ મિલિયન ટન થશે. ભારતનો પ્લાસ્ટીક ઉદ્યોગ ૮ થી ૧૦ ટકા કરતાં વધુ વૃધ્ધિ હાંસલ કરશે.

# મહેસાણામાં પેપર પ્રોડક્ટ બનાવતી કંપનીમાં ભીષણ આગ લાગતા સામાન બળીને ખાખ

મહેસાણા,તા.૦૯

મહેસાણાના દેદીયાસણ રોડ પર આવેલી પેપર પ્રોડક્ટ બનાવતી એક ફેકટરીમાં બપોરના સુમારે આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. ભયંકર લાગેલી આગને પરિણામે ફેકટરીનો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો. નગરપાલિકાના ફાયરફાઈટરે તાત્કાલિક ઘટનાસ્થળ પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે આગની આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી નહતી.

મહેસાણા શહેરમાં બનેલી આગની આ ઘટનાની ફાયરફાઈટરના સૂત્રો મારફતે મળતી વિગતો મુજબ મહેસાણાના દેદીયાસણ રોડ પર આવેલી પેપર પ્રોડક્ટ બનાવતી એક ફેકટરીમાં બપોરના સુમારે આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. પી.કે.પેપર પ્રોડક્ટ નામની પેપરના પ્રોડક્ટ બનાવતી ફેકટરીમાં અચાનક આગ લાગતા ફેકટરીમાં પડેલો હજ્જારો રૂપિયાનો માલ બળીને ખાખ થઈ જવા પામ્યો હતો. આગ લાગી હોવાના સમાચારને પગલે ઘટનાસ્થળે પહોંચેલ મહેસાણા નગરપાલિકાની ફાયરની ટીમે આગ ઓલવવાના પ્રયાસો કરતાં ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી શકાયો હતો.

જોકે આગ લાગી ત્યારે કંપનીના કારીગરો બાજુના ગોડાઉનમાં કામ કરતા હોવાથી મોટી દુર્ઘટના ટળી જવા પામી હતી. બીજીતરફ પ્રાથમિક તબકકે પેપર પ્રોડક્ટની કંપનીમાં લાગેલી આ આગ શોર્ટસર્કિટને કારણે લાગી હોવાનું જણાઈ રહ્યું છે.

# ચંડીસર પાસે છકડો રિક્ષા પલ્ટી ખાતા ૧નું મોત : ૨ ઘાયલ

પાલનપુર, તા.૯

પાલનપુર-ડીસા હાઈવે પર ચંડીસર પાસે છકડો રિક્ષા પલ્ટી ખાતા અકસ્માત થયો હતો. જેમાં ૧ વૃદ્ધ મહિલાનું મોત નિપજ્યું હતું. જયારે અન્ય ૨ મહિલાઓ ઘાયલ થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાઇ હતી.

ચંડીસર પાસે થયેલા અકસ્માતની વિગતો મુજબ, છકડો રિક્ષાનું ટાયર ફાટતા રિક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. જેને પગલે રિક્ષામાં સવાર દેવીપૂજક સમાજની ૬૦ વર્ષીય શાંતાબેન રેવાભાઈ રહે. રાણોલ તા. દાંતીવાડાનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

જયારે દેવીપૂજક સમાજની જ દાંતીવાડા તાલુકાના રાણોલ ગામની અન્ય બે મહિલાઓ જામા બેન રમેશભાઈ ઉ.૪૦ અને દેવલબેન જગમાલભાઈ ઉ.૭૦ ને ઈજાઓ થતા તેમને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાઇ હતી.

# ચાંદોદ ખાતે નર્મદા નદીના પાણી ખૂટ્યા, નદીની ચાલીને ઓળંગી શકાય તેવી સ્થિતિ

ચાંદોદ,તા.૦૯

નર્મદા, ઓરસંગ અને ગુપ્ત સરસ્વતીના મિલનથી રચાતા ચાંદોદ નજીક ત્રિવેણી સંગમ સ્થળે દેશભરના શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન સાથે પોતાના મૃત સ્વજનની મરણોત્તર ક્રિયા પિંડદાન સહિત અસ્થી વિસર્જન માટે આવતા હોય છે. પરંતુ ગુજરાત સરકારની બેદરકારી અને યોગ્ય આયોજનના અભાવે છેલ્લા બે વર્ષથી નર્મદા નદીમાં પાણી નહીવત રહેતા ખુદ નર્મદા નદી પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા સંઘર્ષ કરતી હોય તેવા દિવસો આવ્યા છે

નદીની કાળજી માટે કોઈ જાતની વ્યવસ્થાના અભાવે અને તંત્ર દ્વારા સેવવામાં આવતી દુર્લક્ષતાને કારણે અહીં આવેલી વિશાળ નદી માત્ર રેતીના બેટમાં ફેરવાઈ ગઈ છે.

નદી સુકાઈ જતા તેના આધારે ચાલતા સમગ્ર જનજીવન અસ્ત થવાના આરે છે. નદીના પટમાં પાણી ન હોય અને ગંદકીથી પ્રવાસીઓની અને ધાર્મિક કાર્ય માટે આવનાર લોકોની સંખ્યા ઘટી છે. જેની સીધી અસર ધાર્મિક કર્મકાંડ કરાવતા બ્રાહ્મણો પંડિતો, નાના મોટા વેપારીઓ, સ્ટોલ ધારકો અને નદીમાં પ્રવાસીઓને બોટીંગ કરાવી ત્રિવેણી સંગમ કરનાળી ઉપરાંતના સ્થળોએ લઈ જતા નાવિક ચાલકો ભોગ બન્યા છે.

નર્મદા નદી મૃતપ્રાય થઈ રહી હોય જેના કારણે હવે ધાર્મિક વિધિ વિધાન પર્યટન અને સહેલગાહ માટે આવતા લોકો હવે ઓછા આવતા હોય અનેક લોકો આજીવિકાના અભાવે રોજગાર વિનાના બન્યા છે. જયાં સુધી નજર પહોંચે તેટલો વિશાળ દરિયા જેવો મોટો પટ ધરાવતા નર્મદામાં ફક્ત રેતી અને કચરાના ઢગ દેખાય છે. નદીના આટલા મોટા પટમાં માત્ર નાળા જેવી એક જ ચેનલ રહી છે. જેમાં માંડ માંડ ઘુંટણ ડૂબે તેટલું બે ફૂટ પાણી છે. જેથી લોકો ચાલીને સહેલાઈથી નદી ઓળંગી શકે છે. જેથી નદી કિનારે ૧૦૦ ઉપરાંતની હોડીઓ એ આશામાં ઊભી હોય છેકે કોઈ પ્રવાસી આવે અને તેમને નદીના મધ્યમાં જયાં ત્રિવેણી સંગમ છે ત્યાં સુધી લઈ જવાય, જોકે આ નાનકડી ચેનલમાં જેમા પાણી છે તે પણ નાવિકો એ ખોદીને બનાવી છે.

# વડનગરમાં દલિતની આત્મહત્યા મામલે પોલીસને ૩૬ કલાકનું અલ્ટીમેટમ આપ્યું

વડનગર,તા.૦૯

વડનગરમાં રહેતા અને શેખપુર ગામમાં રહેતા મહેશ ચૌહાણ નામના ૩૯ વર્ષના યુવકે મંગળવારે તેની સ્કૂલમાં ફરજ બજાવતા ત્રણ શિક્ષકોના ત્રાસથી કંટાળીને કુવામાં ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી હતી. જે બાદ દલીત કોમ દ્વારા મોટા પાયે વિરોધ કરીને મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. અને ત્રણ માંગણી પોલીસ તેમજ તંત્ર સામે મુકી હતી. જેમાં પ્રથમ ત્રણેય આરોપી શિક્ષકોની તાત્કાલિક ધરપકજ કરવી, મૃતકના પરિવારજનોને પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી આર્થિક મદદ કરવી અને પરિવારજનો માંથી એક વ્યક્તિને સરકારી નોકરી આપવી. કારણ કે મહેશ ચૌહાણના મૃત્યુ બાદ ઘરની આર્થિક સ્થિતિ ખુબ ખરાબ થઈ શકે તેમ છે. અને જો તંત્ર આ માંગણીનો સ્વીકાર ન કરે તો ગુરૂવારે વડનગર બંધનું એલાન પણ આપ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શહેર વડનગરમાં દલીત મોત થતા ફરી એક વાર ગુજરાતમાં દલિતો કેટલા સુરક્ષિત અનુભવે છે વાતે જોર પકડ્યું છે. જો કે બંધ થાય અને દલિત લીડર અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી આ મુદ્દે ગુરૂવારે વડનગરમાં પરિવારજનોની મુલાકાત લઈને આંદોલનને આગળ ધપાવે તો સમગ્ર દેશમાં મુદ્દે ચર્ચાનો મુદ્દો બની શકે તેમ હતો. જેથી રૂપાણી સરકારે તાત્કાલિક કલેકટર અને જીલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓને રાતોરાત વડનગર રવાના કરી દીધા હતા અને તેમણે પરિવારજનોને ખાતરી આપી હતી કે તેમની ત્રણેય માંગણીનો સ્વીકાર કરવા માટે સરકાર કટીબંધ છે અને તે માટે કલેકટર તંત્ર પોતે કામગીરી કરશે.

# રાજ્યની શાળા-કોલેજોમાં સંગીત શિક્ષણ ફરજીયાત કરવું જોઈએ : ઓસમાન મીર

શાળા-કોલેજોના અભ્યાસક્રમમાં સંગીતનો વિષય દાખલ કરીને તેને શિક્ષણક્ષેત્રમાં ફરજીયાત કરી આમૂલ પરિવર્તન લાવવાનો પ્રયાસ કરવા માટે લોકગાયક ઓસમાન મીર દ્વારા રાજ્ય સરકારને અપીલ કરવામાં આવી છે.



ઉત્તર ગુજરાતની વિદ્યાનગરી કડી ખાતે સંત સોમેશ્વરતીર્થના પચાસમાં આરાધન મહોત્સવમાં ખ્યાતનામ લોકગાયક ઓસમાન મીરે જનતા સમક્ષ રાજ્ય સરકારને સંગીતશિક્ષણ ફરજિયાત કરવાની વિનંતી કરી હતી. શિયાળાની કડકડતી ઠંડીમાં પણ મધ્યરાત્રિના અઢી વાગ્યા સુધી ભક્તિ-સંગીત કાર્યક્રમમાં ઉપસ્થિત સંગીતપ્રેમી જનસમુદાયને સંબોધતા ઓસમાન મીરે જણાવ્યું હતું કે, 'પ્રવર્તમાન સમયમાં માનવજીવ વેદના અને પીડાઓથી વ્યથિત છે ત્યારે સંગીતમાં એવી તાકાત છે દર્દ અને પીડામાં રાહત આપી શકે છે. ઈશ્વરની આરાધના, માટે પણ સ્વર અને સંગીતની સાધના જરૂરી છે.

જીવનમાં સંગીતની ઉપયોગિતા જણાવતાં ઓસમાન મીરે વધુમાં જણાવ્યું હતું કે શાળા-કોલેજોમાં ભણાવાતા વિષયોમાં સંગીતનો વધુ એક વિષય દાખલ કરી સંગીતશિક્ષણ ફરજિયાત કરવાની વિશેષ આવશ્યકતા છે. શિક્ષણ લઈ રહેલી નવી પેઢી ગીત-સંગીતમાં વિશેષ રસરૂચિ ધરાવી રહી છે. ત્યારે સંગીતશિક્ષણને ફરજિયાત કરવામાં આવે તો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ માટે પદ્ધતિસરનું શિક્ષણ ફાયદાકારક બની રહેશે.

# કડી ખાતે સંત સોમેશ્વરતીર્થ સ્વામીનો આરાધન મહોત્સવ યોજાયો

કડી, તા. ૯

શ્રીમદ્ ભગવદ્ગીતા અને શ્રીમદ્ ભાગવતકથાનું મહિમાગાન કરી કડી નગરને અધ્યાત્મક્ષેત્રે ગૌરવાન્વિત કરનાર સંત સોમેશ્વર સ્વામીને બ્રહ્મલીન થયાને પચાસ વર્ષ પૂર્ણ થતાં શ્રી સોમેશ્વર આશ્રમ ટ્રસ્ટ દ્વારા ૫૦માં આરાધન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આરાધન મહોત્સવમાં ધ્વજારોહણ, ભવ્ય નગરયાત્રા, શ્રીમદ્ ભાગવતકથા, ભજનકીર્તન, ચંડીપાઠ, રક્તદાન શિબિર, હોમાત્મક લઘુરૂદ્ર, વિષ્ણુયાગ પાઠાત્મક, બ્રહ્મચોર્યાશી, ગુરૂપાદુકા પૂજન, અખંડધુન અને મહાપ્રસાદના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં રાજરાજેશ્વરી પીઠમ કડીના ઉર્વશીબેન, કથાકાર મીરાબેન ભટ્ટ તથા ઉપસ્થિત મહાનુભાવોએ સન્યાસ ગ્રંથના રચયિતા બ્રહ્મલીન સંત સોમેશ્વરતીર્થ સ્વામીના સેવાકાર્યોને બિરદાવ્યા હતા. આ ઉપરાંત, આરાધન મહોત્સવ પ્રસંગે તૈયાર કરવામાં આવેલી સંત સોમેશ્વરતીર્થના જીવન-વૃતાંત પર આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મના કલાકારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આરાધન મહોત્સવનો લાભ દેશ-વિદેશના હરિભકતોએ ઉત્સુકતાપૂર્વક લીધો હતો.

# રાજ્યમાં ત્રણ અલગ અલગ જગ્યાએ અકસ્માતમાં ૫ના મોત

ગુજરાતમાં શુક્રવારે અકસ્માતનો સિલસિલો યથાવત રહ્યો હતો. તાપી, ભાવનગર અને મહેસાણામાં અકસ્માત સર્જાયા હતા. જેમાં તાપીનો અકસ્માત વિચિત્ર ઢબે સર્જાયો હતો. ત્રણેય અકસ્માતમાં કુલ ૫ લોકોના મોત થયા હતા.

તાપીમાં શુક્રવારે વિચિત્ર ઢબે અકસ્માત સર્જાયો હતો. તાપીના સોનગઢના મેઢા ગામે એક ડમ્પર માટીમાં ફસાયું હતું. જેમાં અંદર બેસેલા લોકો પહેલા તો સલામત હતા, પરંતુ માટીમાં ફસાયેલું ડમ્પર વીજ તારને અડી ગયું હતું. જેને કારણે અંદર બેસેલા ત્રણેય શખ્સોનું વીજ કરંટ લાગવાથી મોત થયું હતું. ડમ્પરના ડ્રાઈવર સહિત અંદર બેસેલા માતા-પિતાનું મોત નિપજ્યું હતું. મહેસાણાના મેઉ ગામમમાં ટ્રક અને એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક્ટિવા ચાલક શખ્સ પંકજ નાયકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મૃતક એક્ટિવ ચાલક મેઉ ગામનો રહેવાસી હતો. પોલીસ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી.

ભાવનગરમાં તળાજા હાઈવે પર કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. તથા અન્ય ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચતા તેમને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વધુ એક કડાકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં મોનિટરી પોલિસી કમિટિએ રિવર્સ રેપોરેટ,બેંક રેટ, સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. એમએસએફ અને બેંક રેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો હતો. મોંઘવારી વધવાના છ કારણ પણ દર્શાવવામાં આવ્યા હતા. તમામ ચાવીરુપ રેટ યથાવત રાખવામાં આવ્યા હતા. બજેટમાં ગ્રામિણ ક્ષેત્ર માટે લેવામાં આવેલા પગલા અને ફાળવણી સારા સંકેત હોવાની વાત આમા કરવામાં આવી હતી. તેની ડિસેમ્બર સમિક્ષામાં એમપીસીએ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકા અને રિવર્સ રેપોરેટને પણ યથાવત ૫.૭૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. એસએલઆરને ૧૯.૫ ટકા યથાવત રાખવામાં આવ્યો હતો. પોલિસી સમીક્ષાની બેઠકમાં તમામ પાસાઓ ઉપર વિચારણા કરવામાં આવ્યા બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. આરબીઆઈની એમપીસીની બેઠક બુધવારે શરૂ થઈ હતી. ગુરૂવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ જારી કરવામાં આવ્યા હતા.રિટેલ ફુગાવો આરબીઆઈમાં કમ્ફોર્ટ લેવલને પાર કરીને ડિસેમ્બર મહિનામાં ખાદ્યાન્ન ચીજવસ્તુઓના ભાવમાં વધારાના પરિણામ સ્વરુપે ૫.૨૫ ટકાની ઉંચી સપાટીએ પહોંચી ગયો હતો જ્યારે કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ સીપીઆઈ ઉપર આધારિત રિટેલ ફુગાવો નવેમ્બર મહિનામાં ૪.૮૮ ટકા અને ડિસેમ્બર ૨૦૧૫માં ૩.૪૧ ટકા રહ્યો હતો. બજેટ બાદ શેરબજારમાં અવિરત મંદી જોવા મળી રહી હતી. સેંસેક્સમાં છેલ્લા પાંચ કારોબારી સેશનમાં ૧૮૮૨ પોઈન્ટનો મોટો કડાકો બોલાયા બાદ ગુરૂવારે રિક્વરી જોવા મળી હતી.

## ચકાસણી કાર્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રજુઆત પુરાવાઓ આપી ઉમેદવારી માન્ય કરવા કહી દીધી હોવાનું જાણવા મળેલ છે.

ચિલોડા(ન), દો.વાસણામાં ૩ અને ૪ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે. આજે બેઠકદીઠ ઉમેદવારોની હાજરીમાં ચકાસણી કરવામાં આવી હતી. માન્ય ઠરેલા ઉમેદવારોને ખર્ચ અંગેના હિસાબો રાખવા માટેના રજીસ્ટર પણ આપી દેવામાં આવ્યા છે. અપક્ષ ઉમેદવારોને કાલે ચિહ્ન એનાયત કરી દેવાશે. શનિવાર એ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. હાલ જે ચિત્ર ઉપસ્યુ છે તેમાં ભાજપ કોંગ્રેસ વચ્ચેનો સીધો જંગ રહેશે તેમ મનાઈ રહ્યું છે તો અપક્ષો પણ એક-બે બેઠકો પર નિર્ણાયક બનશે તેમ લાગી રહ્યું છે.

## ખાડા કરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવામાં આવી છે. ગત વર્ષ દરમિયાન પણ વનતંત્ર દ્વારા શહેરમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. પરંતુ વનતંત્રની આરક્ષિત જગ્યામાં સિમેન્ટની ફેન્સીંગ તુટી જતા રોપાઓની માવજત અને ઉછેર સામે ખતરો ઉભો થયો હોવાનુ ધ્યાને આવતા વનવિભાગે શહેરમાં વન આરક્ષિત જગ્યામાં નવી ફેન્સીંગ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. ખાડા ખોદવાનુ કામ પુર્ણ થતા ફેન્સીંગનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. આગામી દિવસોમાં શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોની આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગ બનાવાની કામગીરી પણ પુર્ણ કરી દેવાશે.

## પ્રથમ સ્થાને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્પર્ધકોએ ભાગ લીધો હતો.ડો ઉર્વી હવે બોલીવુડમાં કામ કરવાની ખેવના ધરાવે છે. હાલ ભારત આવેલી ઉર્વીએ ગાંધીનગરની મુલાકાત દરમિયાન જણાંવ્યુ હતુ કે તેન અક્ષયકુમાર સાથે કામ કરવાની પ્રબળ ઈચ્છા છે. જયારે સમાજ ઉપયોગી ફિલ્મોમાં કામ કરીને સમાજ ઉત્થાનની કામગીરીમાં સહભાગી થવુ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ